# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

ફોન નંબર-0261-2662902, suratdeo@gmail.com , web :-www.suratdeo.org


તા.૧૧/૦૯/૨૦૨૬

જા.નં. મા-૨/૨૦૨૬ / 12479

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
સુરત-જિલ્લોઃ સુરત

**વિષય :** વર્ષ ૨૦૨૬-૨૭ માટે **PM YASASVI Top Class Education for OBC, EBC & DNT Students** યોજના હેઠળ શિષ્યવૃત્તિ મેળવતા વિદ્યાર્થીઓને પૈકી ફક્ત રીન્યુઅલ બાબત.

**સંદર્ભ:** જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની કચેરીનો પત્ર ક્રમાંક નં.જિનાનિ/વિજા/NSP/૨૬ ૨૭/૧૧૩ Sતા.0૯/૦૯/2026

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૨૬-૨૭ માટે **PM YASASVI Top Class Education for OBC, EBC & DNT Students** યોજના હેઠળ શિષ્યવૃત્તિ મેળવતા વિદ્યાર્થીઓ પૈકી ફક્ત રીન્યુઅલ **(Renewal)** વિદ્યાર્થીઓની જ ચકાસણી કરી વિદ્યાર્થી અગાઉના વર્ષમાં યોજનાનો લાભાર્થી હતો કે કેમ તેની ચકાસણી કરવાની રહેશે.

વર્ષ ૨૦૨૬-૨૭માં વિદ્યાર્થીનો અભ્યાસ ચાલુ છે કે કેમ તેની ચકાસણી કરવી. વિદ્યાર્થીની સંસ્થા, અભ્યાસક્રમ, વર્ષ/સેમેસ્ટર તથા અન્ય જરૂરી વિગતોની ચકાસણી કરવી.પોર્ટલ પર ઉપલબ્ધ વિદ્યાર્થીની વિગતો અને સંસ્થાના રેકોર્ડમાં દર્શાવેલ વિગતો સરખી છે કે કેમ તેની ખાતરી કરવી.જરૂરી હોય ત્યાં સંબંધિત દસ્તાવેજોની ચકાસણી કરી યોગ્ય નોંધ કરવી.

ફ્રેશ (Fresh) વિદ્યાર્થીઓની ચકાસણી કરવાની રહેશે નહીં; ફક્ત રીન્યુઅલ વિદ્યાર્થીઓની જ ચકાસણી કરવાની રહેશે. સામેલ પત્રમાં જણાવેલ સૂચનાઓનું પાલન કરી નિર્ધારિત સમયમર્યાદામાં રીન્યુઅલ વિદ્યાર્થીઓની ચકાસણીની કામગીરી પૂર્ણ કરી તેનો અહેવાલ જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની કચેરીને મોકલી આપવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ. સુરત

બિડાણઃ- સંદર્ભ પત્રની નકલ

Scanned with OKEN Scanner

# જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની કચેરી

જિલ્લા સેવા સદન,જૂની કોર્ટ બિલ્ડીંગમાં,બહુમાળી ભવન કેમ્પસ,નાનપુરા,સુરત -૩૯૫૦૦૧

ફોન:૦૨૬૧-૨૪૬૦૬૯૮ e-mail: d.dirsurat@gmail.com

નં.જિનાનિ/વિજા/NSP/૨૬-૨૭/ 1136 તારીખ: ૦૯/૦૯/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા તમામ,

જિલ્લો – સુરત

વિષય : વર્ષ ૨૦૨૬-૨૭માં PM YASASVI TOP CLASS Education in School for OBC, EBC & DNT Students યોજના હેઠળ ફક્ત રીન્યુઅલ વિદ્યાર્થીઓની ચકાસણી કરવા બાબત.

સંદર્ભ : નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: DDCW/EDU/e-file/225/2026/1941/K-Branch-Education, તા.૦૫/૦૯/૨૦૨૬

સવિનય ઉપરોક્ત સંદર્ભદર્શિત વિષય અન્વયે જણાવવાનું કે, ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા અન્ય પછાત વર્ગ (OBC), આર્થિક રીતે પછાત વર્ગ (EBC), અને વિચરતી અને વિમુક્ત (DNT) જાતિના વિદ્યાર્થીઓ માટે PM Young Achievers Scholarship Award Scheme for Vibrant India (YASASVI) Umbrella Scheme હેઠળની Top Class School Education for OBC, EBC and DNT Students યોજના વર્ષ : ૨૦૨૨-૨૩ થી અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત દર નાણાકીય વર્ષમાં કેંદ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા પસંદ થયેલ સંસ્થા/શાળાઓમાં ધો.૯ થી ૧૨ માં અભ્યાસ કરતા અન્ય પછાત વર્ગ (OBC), આર્થિક રીતે પછાત વર્ગ (EBC), અને વિચરતી વિમુક્ત (DNT) જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ, જે પૈકી ધો.૯ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કે જેઓના ધો.૮માં ૬૦% કે તેથી વધુ % ધરાવતા તમામ વિદ્યાર્થીઓને અને ધો.૧૧ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ધો. ૧૦ ની ૬૦ % કે તેથી વધુ % ધરાવતા તમામ વિદ્યાર્થીઓ નેશનલ સ્કોલરશીપ પોર્ટલ પર https://scholarships.gov.in ઓનલાઇન અરજી કરી શકે તે માટે પોર્ટલ શરૂ કરવામા આવે છે. આ યોજના હેઠળ વિદ્યાર્થીઓના વાલી/માતા-પિતાની તમામ સ્ત્રોતની વાર્ષિક આવક ૨.૫૦ લાખથી વધુ ન હોય તેવા ધો.૯ અને ૧૦ ના વિદ્યાર્થીઓની શાળાની ટ્યુશન ફી અને હોસ્ટેલ ફી એમ મળીને વધુમાં વધુ વાર્ષિક રૂ.૭૫,૦૦૦/- સુધી અથવા શાળાને ખરેખર ચુકવેલ ફી પૈકી જે ઓછું હોય તેમજ ધો.૧૧ અને ધો.૧૨ના વિદ્યાર્થીઓને શાળાની ટ્યુશન ફી અને હોસ્ટેલ ફી એમ મળીને વધુમાં વધુ વાર્ષિક રૂ. ૧,૨૫,૦૦૦/- સુધી અથવા શાળાને ખરેખર ચુકવેલ ફી પૈકી જે ઓછું હોય તે શિષ્યવૃતિ મળવાપાત્ર થાય છે.

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે PM YASASVI TOP CLASS Education in School for OBC, EBC & DNT Students યોજના હેઠળ ફક્ત રિન્યુઅલ વિદ્યાર્થીઓ માટે નેશનલ સ્કોલરશીપ પોર્ટલ તા. ૦૧-૦૬-૨૦૨૬ થી ઓપન કરવામાં આવેલ છે. તેમજ શાળા/સંસ્થાઓએ વિદ્યાર્થીઓની Final Submit થયેલી અરજીઓના **Online Verification** માટેની છેલ્લી તારીખ તા.૧૫-૦૯-૨૦૨૬ છે. આમ, રિન્યુઅલ વિદ્યાર્થીઓની અરજીઓ સંબંધિત શાળા/સંસ્થાઓ મારફતે નિયત કરેલ સમયમર્યાદામાં ઓનલાઇન ચકાસણી કરી SNOને મોકલી આપવાની રહેશે. જે માટે નીચે મુજબની સુચના સંબધિત શાળા/સંસ્થાએ ધ્યાને લેવાની રહેશે.

13986

- શાળા/સંસ્થાએ FRC દ્વારા માન્ય થયેલ Fees મુજબ વિદ્યાર્થી દ્વારા કરેલ Online અરજીમાં Admission fee, Tuition fee અને Misc Fees દર્શાવવાની રહેશે. જો ભવિષ્યમાં સદર બાબતે કોઇ ગેરરીતી સામે આવશે તો તેની સઘળી જવાબદારી સંબધિત શાળા/સંસ્થાના આચાર્યશ્રીની રહેશે. જેની ખાસ નોંધ લેશો.
- જયારે જિલ્લા અધિકારીશ્રી દ્વારા સબંધિત શાળા/સંસ્થાની રૂબરૂ મુલાકાત લેવામાં આવે ત્યારે શાળાના આચાર્યશ્રી દ્વારા Online ચકાસણી કરીને મોકલેલ તમામ વિદ્યાર્થીઓની અરજી અને તેના સાથેના સાધનીક આધાર પુરાવા (જેવા કે, જાતિનું પ્રમાણપત્ર, આવકનો દાખલો, બોનાફાઇડ સર્ટીફીકેટ, ગયા વર્ષની માર્કશીટ, FRC દ્વારા નિયત થયેલ Fees Structure, રહેઠાણનો પુરાવો) ની ચકાસણી કરવાની રહેશે તેમજ શાળા કક્ષાએ આ રેકર્ડ નિભાવવામાં આવે છે કે નહિ તેની ખાત્રી કરવાની રહેશે અને જો ભવિષ્યમાં ભારત સરકાર દ્વારા કે રાજય સરકાર કે ઓડીટ દ્વારા રેકર્ડની જરૂરીયાત જણાયેથી રેકર્ડની રજુ કરવાનો રહેશે. જેથી શાળા કક્ષાએ સુવ્યવસ્થિત રીતે રેકર્ડની જાળવણી કરવી.
- શાળાના આચાર્યશ્રી દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રમાં વિદ્યાર્થી દ્વારા અરજીમાં દર્શાવેલ વિગતોમાં વિસંગતા ન રહે તેની ચકાસણી આચાર્યશ્રીએ કરવાની રહેશે. જો કોઇ વિદ્યાર્થીના અરજીમાં દર્શાવેલ વિગતમાં ભુલ હોય તો આચાર્યશ્રીએ તે અરજી નિયત થયેલ સમયમર્યાદામાં ઓનલાઇન વિદ્યાર્થીને Defect કરી સુધારા માટે પરત કરી ફરીથી મોકલી આપવી.
- તમામ વિદ્યાર્થીઓએ ગત વર્ષની ટકાવારી (%) માં દર્શાવવાની રહેશે. જો કોઇ વિદ્યાર્થીએ Percentile બતાવેલ હશે તો તે માન્ય ગણવામાં આવશે નહિ અને આચાર્યશ્રીએ આવા કોઇ વિદ્યાર્થીની અરજી ધ્યાને આવે તો તેવા વિદ્યાર્થીને Defect કરી સુધારા માટે પરત કરી ફરીથી મોકલી આપવા જણાવવાનું રહેશે.
- શાળાના આચાર્યશ્રી દ્વારા જ્યારે વિદ્યાર્થીની અરજીની Online ચકાસણી કરતા શાળાની FRC દ્વારા નિયત થયેલ Fees, વિદ્યાર્થીની જાતિ (OBC, EBC & DNT) દર્શાવવાની રહેશે અન્ય કોઇ જાતિ દર્શાવવી નહી. તેમજ વિદ્યાર્થીના વાલીનું આવકનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારીનું હોવું જોઇએ અને આ પ્રમાણપત્ર ઇસ્યુ થયાના નાણાંકીય વર્ષ સહિત ત્રણ વર્ષ સુધીનું માન્ય હોવુ જોઇએ.
- શાળા કક્ષાએ આચાર્યશ્રીએ Online Verification સમયે તેઓની શાળાના વિદ્યાર્થીઓ છે કે નહિ તેની ખરાઇ કર્યા બાદ જ Verification કરી આગળ SNO ને મોકલી આપવી. જો કોઇ વિદ્યાર્થીઓ ખોટી રીતે શિષ્યવૃત્તિ મેળવવા માટે અરજી કરેલ જણાશે કે કોઇ ગેરરિતીના બનાવ બનશે તો તેની સઘળી જવાબદારી જે તે શાળાના અચાર્યશ્રીની રહેશે.
- આચાર્યશ્રીએ પોર્ટલ પર મંત્રાલય દ્વારા નિયત કરેલ સમય મર્યાદામાં વેરીફીકેશનની કામગીરી પુર્ણ કરવાની રહેશે. જો કોઇ વિદ્યાર્થીની અરજી શાળાકક્ષાએ પેંડીગ રહેશે તો તેની સઘળી જવાબદારી શાળાના આચાર્યશ્રીની રહેશે.

ઉક્ત વિગતો અને સુચના મુજબ નિયમોનુસારની જરૂરી કાર્યવાહી કરી સામેલ પ્રમાણપત્ર મુજબ માહિતી દિન-03 માં તાત્કાલિક મોકલી આપવા જણાવવામાં આવે છે.

બિડાણ : ઉપર મુજબ

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરત શહેર, જિ. સુરત.
આવક નંબર:-
તારીખ:-

જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિ, સુરત

નકલ સવિનય રવાના :

(૧) માન. કલેક્ટરશ્રી, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઇન્સ, સુરત તરફ જાણ સારૂ.

(૨) જિલ્લા શિક્ષણધિકારીશ્રી, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઇન્સ, સુરત તરફ જાણ તથા સબંધિત શાળાને જાણ કરવા સારૂ.

Scanned with OKEN Scanner

# પ્રમાણપત્ર

શાળાનુ નામ:

શાળાનો કોડ (AISHE/DISE Code):

જિલ્લાનુ નામ:

આથી પ્રમાણપત્ર આપવામા આવે છે કે, વર્ષ ૨૦૨૬–૨૭ અંતર્ગત ભારત સરકારની PM YASASVI Top Class education in school for OBC, EBC & DNT students યોજના હેઠળ અત્રેની શાળામાં ભણતા નીચેના પત્રક મુજબના વિદ્યાર્થીઓની **Renewal** અરજી તથા વિદ્યાર્થીના તમામ Documents ની મારા દ્વારા ચકાસણી કરવામા આવેલ છે અને વિદ્યાર્થીની તમામ વિગતો યોજનાના ધારા–ધોરણો મુજબ બરાબર હોઈ વિદ્યાર્થીની અરજી State Nodal Officer ને forward કરેલ છે.

| Sr. no | Students Application no. | Student Name | Renewal (Std 10th and 12th) | Student Class | Student GR no. | Student Caste | Parents Income (from all sources) | Student previous year Std. percentage (%) | School fee as per FRC approved | Hosteller/ Day Scholars |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |

નોંધ: Renewal વિદ્યાર્થીઓની વિગતો ઉપર આપેલ પત્રક મુજબ બનાવવાની રહેશે. જેની Soft કોપી અને Hard Copy જિલ્લા મારફતે ddcw-minority@gujarat.gov.in પર મોકલી આપવાની રહેશે. જેની ખાસ નોંધ લેશો.

સહિ/– સિક્કો

આચાર્યશ્રી

તારીખ:

સ્થળ:

શાળાનો સિક્કો Round Seal